# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

<u>પરિપત્ર નં. ૧૨ / ૯૩ / ૨૦૧૪</u>

**વિષય :—** ગુણપત્રકમાં અટક, નામ, પિતાના નામમાં ભૂલ સુધારવા અંગે...

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ સેમેસ્ટર પધ્ધતિથી લેવામાં આવે છે. સદર પરીક્ષાઓના પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરાવવામાં આવે છે. કોલેજ કક્ષાએ કર્મચારીની ઘટ અને સમયમર્યાદા તેમજ કામના ભારણના કારણે પરીક્ષા ફોર્મ ભરવામાં વિદ્યાર્થીના અટક, નામ, પિતાના નામમાં ઘણી બધી ક્ષતિઓ થાય છે. જેના કારણે પાછળથી વિદ્યાર્થીઓને અલગ અલગ ગુણપત્રકો સુધરાવવા માટે રૂબરૂ અથવા ટપાલથી ગુણપત્રકો સુધરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

સ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થી સેમેસ્ટર—૬ માં અભ્યાસ કરતો હોય તેના સેમેસ્ટર—૧ થી ૫ ના ગુણપત્રકોમાં નામ અંગેની ક્ષતિઓ હોય તો તેવા વિદ્યાર્થીઓના સેમેસ્ટરવાર અસલ ભૂલવાળા ગુણપત્રકો એકઠાં કરી જરૂરી આધારપુરાવા સહિત પરિપત્ર નં.પરી/પ્રમાણપત્ર ફી/૧૫૬૪/૨૦૧૪ તા.૧૩/૬/૨૦૧૪ અનુસાર ગુણપત્રક ઈસ્યુ કર્યા તારીખથી ૧ વર્ષ સુધી ફી સિવાય અને ૧ વર્ષથી ૩ વર્ષ સુધીના સમયગાળા માટે રૂા.૧૦૦/— તેમજ ૩ વર્ષથી વધુની મુદત માટે રૂા.૨૦૦/— પ્રતિ ગુણપત્રક દીઠ નિયત ફી સાથે જમા કરાવી ફોરવર્ડીંગ પત્ર સાથે મોકલવા.

તેમજ અનુસ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થી સેમેસ્ટર—૪ માં અભ્યાસ કરતો હોય તેવા સેમેસ્ટર—૧ થી ૩ ના ગુણપત્રકોમાં નામ અંગેની ક્ષતિઓ હોય તો તેવા વિદ્યાર્થીઓના સેમેસ્ટરવાર ભૂલવાળા અસલ ગુણપત્રકો એકઠાં કરી જરૂરી આધારપુરાવા સહિત નિયત ફી સાથે યાદી બનાવી યુનિવર્સિટી ખાતે મોકલી આપવા.

જેથી કરી દરેક વિદ્યાર્થીઓને વ્યકિતગત રીતે યુનિવર્સિટી સુધી લાંબા થવું ન પડે તેમજ ભાડાભથ્થાં વગેરેના ખર્ચમાંથી રાહત મળે તેમજ દરેક વિદ્યાર્થીઓનો કિમતી સમય વેડફાય નહી અને વિદ્યાર્થીને સુધારેલ ગુણપત્રક કોલેજ કક્ષાએથી જ મળી જાય તે હેતુથી ઉપરોકત કાર્યવાહી આપના સ્તરેથી કરવા નમ્ર વિનંતી.

તદુપરાંત, સ્નાતક કક્ષાએ વિદ્યાર્થી સેમેસ્ટર—૬ નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ તેમજ અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર—૪ નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીના ગુણપત્રકમાં નામ અંગેની ક્ષતિઓ જણાય તો વિદ્યાર્થી પોતાની રીતે વ્યકિતગત રીતે ગુણપત્રકમાં જરૂરી સુધારો કરાવવા માટે યુનિવર્સિટીનો સંપર્ક સાધી શકશે.

**નોંધ :— ઉપરોકત પરિપત્ર કોલેજના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાને લાવવા વિનંતી.**

**આદેશથી/—**
**(ડાં. ગિરીશ જે. ઠકકર)**
**પરીક્ષા નિયામક**

જાવક નં. પરીક્ષા/સંચાલન/ ૨૫૯૪ / ૨૦૧૪
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પાટણ — ૩૮૪ ૨૬૫
તારીખ : ૭—૭—૨૦૧૪

**પ્રતિ,**

૧. યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિ. ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ જાણ તેમજ જરૂરી ઘટતી કાર્યવાહી કરવા સારુ.

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના</u> :**

૧. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી, હેમ. ઉ. ગુ. યુનિ., પાટણ તરફ જાણ સારૂ
૨. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૩. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૪. હેડકલાર્ક — ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા(પરીક્ષા)
૫. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તરફ
૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ સેન્ટર તરફ જાણ તેમજ **E-MAIL** દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું.